રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ નવેમ્બર ૨૦૨૫ માં એક માસ્ટર ડાઇરેકટીવ ઇસ્યુ કરેલ જેનું નામ નીચે મુજબ આપવામાં આવેલ **"Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Risk Management) Directions, 2025"** આ પછી તેમાં સુધારો કરવા માટે એમેન્ડમેન્ટ ડિરેક્ટિવ **No DOR.CRE.REC.378/07-02-005/2025-26.** તારીખ ૦૫/૦૧/૨૦૨૬ ના રોજ ઇસ્યુ કરવામાં આવ્યો. આ બંને ડિરેક્ટિવ ભેગા કરીને (નવા ડિરેક્ટિવ ની જોગવાઈઓ રેડ કલર માં દર્શાવેલ છે) બનાવેલ ડિરેકટીવ ગુજરાત રૂર્બન કો-ઓપ બેન્ક્સ' ફેડરેશન ની વેબ સાઈટ **www.gujfed.comm** પર 'ટોપિક ઓફ ધી વિક' શીર્ષક હેઠળ આપવામાં આવેલ છે. ઉપરાંત આ બંને ડિરેક્ટિવ માં દર્શાવ્યા મુજબ અર્બન કો-ઓપરેટીવ બેંક માટે ડિરેક્ટર અને તેમના સગાને લોન આપવા બાબતે પ્રતિબંધો અને તેમાં તાજેતર માં રિઝર્વ બેન્ક દ્વારા આપવામાં આવેલી છૂટછાટ ને લગતો એક આર્ટિકલ તૈયાર કરવામાં આવ્યો છે. જે નીચે આપવામાં આવ્યો છે. આશા રાખીએ છીએ કે સભ્ય બેંકો ના સ્ટાફ ને ઉપયોગી માર્ગદર્શન મળી રહેશે.

---

## અર્બન કો-ઓપરેટીવ બેંક માટે ડિરેક્ટર અને તેમના સગાને લોન આપવા બાબતે પ્રતિબંધો અને છૂટછાટ

**I) કાનૂની પ્રતિબંધો (Statutory Restrictions)**

**(A) UCB દ્વારા લોન અને એડવાન્સ મંજૂર કરવા અંગેના પ્રતિબંધો**

બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 20 ની જોગવાઈઓ, બેંકિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ટ) એક્ટ, 2020 દ્વારા, UCBs પર લાગુ કરવામાં આવી છે. પરિણામે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 20(1)(b) અને કલમ 56 સાથે વાંચતાં, UCBs નીચે મુજબ લોન અથવા એડવાન્સ આપી શકશે નહીં:

a) પોતાની બેંકના ડિરેક્ટરને અથવા તેમની વતી થી કોઈને
b) એવી કોઈ ફર્મને જેમાં બેંકનો કોઈ ડિરેક્ટર ભાગીદાર, મેનેજર, કર્મચારી અથવા ગેરંટી આપનાર હોય
c) એવી કોઈ કંપનીને (અથવા તેની સહાયક/હોલ્ડિંગ કંપનીને) જેમાં બેંકનો કોઈ ડિરેક્ટર, મેનેજિંગ એજન્ટ, ડિરેક્ટર, મેનેજર, કર્મચારી અથવા ગેરંટી આપનાર હોય, અથવા જેમાં તેનો નોંધપાત્ર હિસ્સો હોય
d) એવા કોઈ વ્યક્તિને જેમાં બેંકનો કોઈ ડિરેક્ટર ભાગીદાર અથવા ગેરંટી આપનાર હોય, એટલેકે જો બેંકનો ડિરેક્ટર કોઈ લોનમાં ગેરંટી આપનાર હોય, તો બેંક એવી લોન મંજૂર કરી શકશે નહીં.

**RBI દ્વારા આપવામાં આવેલી છૂટછાટ (Section 20(4)(a) અંતર્ગત)**

RBI એ પોતાની સત્તાનો ઉપયોગ કરીને નીચેની લોન/એડવાન્સને ઉપરોક્ત પ્રતિબંધોમાંથી મુક્તિ આપી છે. તેથી UCBs નીચે મુજબની ક્રેડિટ સુવિધાઓ ડિરેક્ટરને આપી શકે છે:

a) જો બેંકમાં ડિરેક્ટર બનતા પહેલાં કોઈ કંપનીને લોન આપવામાં આવી હોય જેમાં ડિરેક્ટરનો નોંધપાત્ર હિસ્સો હોય, તો બેંક તે લોનને કરારની મુદત પૂરી થાય ત્યાં સુધી અથવા રિન્યુઅલ તારીખ સુધી (મર્યાદામાં વધારો કે શરતોમાં ફેરફાર વિના) ચાલુ રાખી શકે છે. ત્યારબાદ લોન ચાલુ રાખવા માટે ડિરેક્ટરે બેંક અથવા કંપનીમાંથી ડિરેક્ટરશિપ છોડવી પડશે.

આ **છૂટછાટ** લોન લેનાર કંપની ને છે, પરંતુ જો કોઈ લોનધારકે પોતે લોન લીધી હોય અને તે બેંકનો ડિરેક્ટર બને, તો તેને લોન પરત ચુકવવી પડશે.

b) જેમાં બેંકનો ડિરેક્ટર ટ્રસ્ટી હોય, તેવા જાહેર ટ્રસ્ટને બેન્ક એડવાન્સ આપી શકશે.

c) ડિરેક્ટરને સરકારી સિક્યોરિટીઝ, લાઇફ ઇન્શ્યોરન્સ પોલિસી અથવા પોતાના નામે આવેલી ફિક્સ્ડ ડિપોઝિટ સામે લોન, (LTV 100% કરતાં વધુ ન હોય અથવા RBI દ્વારા નક્કી કરેલ મર્યાદામાં હોય.)

d) UCBના બોર્ડ પર રહેલા સ્ટાફ ડિરેક્ટરને નિયમિત કર્મચારીઓને જે સ્ટાફ રિલેટેડ લોન આપવામાં આવે છે તેવી લોન

e) UCB પોતાના કર્મચારીઓને જે સ્ટાફ રિલેટેડ Personal Loan -વ્યક્તિગત લોન (જેમ કે શિક્ષણ લોન, હાઉસિંગ લોન વગેરે) આપે છે તે જ મર્યાદા સુધી ડિરેક્ટરને પણ આપી શકે છે, જેમાં ચેરમેન/MD/CEO અને BoMના સભ્યોનો સમાવેશ થાય છે.

f) સેલરી અર્નર્સ પ્રાઇમરી (અર્બન) કો-ઓપરેટિવ બેંકોમાં, સભ્યોને મળતી સામાન્ય લોન ડિરેક્ટરને પણ આપી શકાય.

નોંધ: - (d), (e) અને (f) મુજબની લોન RBI દ્વારા વ્યક્તિગત લોન માટે નક્કી કરેલ પ્રુડેન્શિયલ મર્યાદાઓ હેઠળ રહેશે,

(દા.ત. હાઉસિંગ લોન ની મર્યાદા, એજ્યુકેશન લોન ની મર્યાદા વિગેરે ), ફાઇનાન્સિઅલ એસેટમાં માં રોકાણ માટે નહીં હોય, અને વ્યાજ દર કર્મચારીઓને લાગુ પડતા દરથી ઓછો નહીં હોય. આ લોન મટિરિયલિટી થ્રેશોલ્ડ મર્યાદાઓને પણ આધીન રહેશે.

g) ડિરેક્ટર અથવા તેના/તેણીની સંબંધિત પાર્ટી તરફથી નોન-ફંડ આધારિત (NFB) સુવિધા, જો આવી તમામ સુવિધાઓ સમકક્ષ અથવા વધુ મૂલ્યની કેશ કોલેટરલથી સંપૂર્ણપણે સુરક્ષિત હોય. (ડેરિવેટિવ ટ્રાન્ઝેક્શનથી ઊભી થતી એક્સપોઝર માટે કેશ કોલેટરલ ફરજિયાત નથી.)

h) સંબંધિત પાર્ટી હોવું, યોગ્ય રીતે લાઇસન્સપ્રાપ્ત અને અધિકૃત Qualifying Central Counterparty (QCCP) ને સેટલમેન્ટ બેંક ક્રેડિટ અથવા ઓવરડ્રાફ્ટ સુવિધા મેળવવામાં અયોગ્ય બનાવતું નથી.

**(B) અન્ય કાનૂની પ્રતિબંધો**

**i) બેંકના પોતાના શેર સામે લોન**

બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 20(1)(a) અને કલમ 56 મુજબ, UCB પોતાના જ શેર સામે લોન અથવા એડવાન્સ આપી શકશે નહીં.

**ii) દેવું માફ કરવાની સત્તા પર પ્રતિબંધ**

કલમ 20A(1) મુજબ, RBIની પૂર્વ મંજૂરી વિના UCB નીચે દર્શાવેલ વ્યક્તિઓના દેવું સંપૂર્ણ અથવા આંશિક રીતે માફ કરી શકશે નહીં:

a) બેંકના વર્તમાન અથવા ભૂતપૂર્વ ડિરેક્ટર

b) એવી કોઈ ફર્મ અથવા કંપની જેમાં બેંકનો ડિરેક્ટર, તે કંપનીમાં ડિરેક્ટર, પાર્ટનર, મેનેજિંગ એજન્ટ અથવા ગેરંટી આપનાર હોય

c) એવી કોઈ વ્યક્તિ જેમાં બેંકનો ડિરેક્ટર પાર્ટનર અથવા ગેરંટી આપનાર હોય

**iii) ગેરકાયદે દેવું માફી**

કલમ 20A(2) મુજબ, ઉપરોક્ત જોગવાઈઓ નો ભંગ કરી ને (RBIની પૂર્વ મંજૂરી વિના ) માફ કરેલું કોઈપણ દેવું અમાન્ય અને બિનઅસરકારક રહેશે.

## નિયમનકારી પ્રતિબંધો (Regulatory Restrictions)

**A. ડિરેક્ટર અને તેમના સગા સંબંધીઓને લોન**

**Tier I, Tier II અને Tier III UCBs માટે: (Not applicable to Tier IV UCBs)**

a) ડિરેક્ટરના સગા સંબંધીઓને લોન અથવા એડવાન્સ આપી શકાશે નહીં, સિવાય કે તે સરકારી સિક્યોરિટીઝ, લાઇફ ઇન્શ્યોરન્સ પોલિસી અથવા પોતાના નામે આવેલી ફિક્સ્ડ ડિપોઝિટ સામે સંપૂર્ણપણે સુરક્ષિત હોય.

b) એવી ફર્મ/કંપની/સંસ્થા (અથવા તેની સહાયક/હોલ્ડિંગ કંપની) ને લોન આપી શકાશે નહીં જેમાં ડિરેક્ટરના સગા સંબંધીઓ રસ ધરાવતા હોય, ગેરંટી આપતા હોય, નોંધપાત્ર હિસ્સો ધરાવતા હોય અથવા નિયંત્રણ ધરાવતા હોય.

**મટિરિયલિટી થ્રેશોલ્ડ મર્યાદાઓ**

આ મર્યાદાઓ તે લોન માટે લાગુ પડશે જે Part III અને IV હેઠળ પ્રતિબંધિત નથી અથવા RBI દ્વારા કલમ 20(4)(a) હેઠળ મંજૂર કરવામાં આવી છે.

**મટિરિયલિટી થ્રેશોલ્ડ મર્યાદાઓ તમામ UCBs (Tier I થી Tier IV) દ્વારા આપવામાં આવેલી નીચે મુજબ ની લોન ને લાગુ પડશે:**

i) જાહેર ટ્રસ્ટને એડવાન્સ જેમાં ડિરેક્ટર ટ્રસ્ટી હોય
ii) સ્ટાફ ડિરેક્ટરને કર્મચારી સંબંધિત લોન
iii) કર્મચારીઓને મળતી વ્યક્તિગત લોન (શિક્ષણ, ઘર લોન વગેરે) જે ડિરેક્ટરને પણ આપવામાં આવે
iv) સેલરી અર્નર્સ પ્રાઇમરી (અર્બન) કો-ઓપરેટિવ બેંકોના ડિરેક્ટરને સામાન્ય લોન

**ફક્ત Tier IV UCBs માટે લાગુ:**

a) ડિરેક્ટરના સગા સંબંધીઓને લોન
b) એવી ફર્મ/કંપની/સંસ્થા (અથવા તેની સહાયક/હોલ્ડિંગ કંપની) ને લોન જેમાં ડિરેક્ટરના સગા સંબંધીઓ રસ ધરાવતા હોય અથવા નિયંત્રણ ધરાવતા હોય

નોંધ: કેશ અથવા liquid સિક્યોરિટીઝ (સરકારી સિક્યોરિટીઝ, લાઇફ ઇન્શ્યોરન્સ પોલિસી, પોતાના નામે આવેલી FD) સામે સંપૂર્ણપણે સુરક્ષિત લોન પર મટિરિયલિટી થ્રેશોલ્ડ લાગુ પડતી નથી.

**મટિરિયલિટી થ્રેશોલ્ડ મર્યાદાઓ (રકમ)**

- Tier I : ₹10 લાખ
- Tier II : ₹25 લાખ
- Tier III : ₹75 લાખ
- Tier IV : ₹1 કરોડ

⃞ મટિરિયલિટી થ્રેશોલ્ડ મર્યાદાઓ UCBની નીતિ મુજબ વિવિધ પ્રકારની સંબંધિત પાર્ટી લોન માટે બદલાઈ શકે છે.
⃞ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ તમામ લોન UCBના બોર્ડ દ્વારા મંજૂર કરવી ફરજિયાત રહેશે.